## મહિલાઓ ને લગતી કાયદાકીય બાબતો

- મહિલાઓ ઉપર થતાં અત્યાચારો, અપમૃત્યુના બનાવો કે દહેજ સંબંધિ બનાવો રોકવા અને સઘન તપાસ માટે પોલીસ કમિશનરપોલીસ અધિક્ષકશ્રી ના સીધા માર્ગ દર્શન હેઠળ મહિલા સેલ કાર્યરત છે. મહિલાઓ સામેના બનાવોની તપાસમાં સચોટ રીતે મદદરૂપ થવા મહિલા સુરક્ષા સમિતિ રચાયેલી છે જે દાઝી જ્વાના, ઝેરી દવા પીવાના, અત્યાચાર વગેરે બનાવોમાં જરૂરી કડી એકઠી કરવામાં મદદરૂપ થાય છે. તથા પતિ-પત્ની ના ઝધડાઓમાં બંન્ને વચ્ચે સમાધાન પ્રસ્થાપિત કરાવવાની રચનાત્મક કાર્ય કરે છે.
- સાસરીયા તરફથી માનસીકશારીરીક ત્રાસમાં ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮(ક) મુજબ તેમજ આપધાત ના દુષ્પ્રેરણના કિસ્સામાં ફોજદારી ધારાની કલમ ૩૦૬ મુજબ ફરિયાદ થઇ શકે છે.
- પરણિત સ્ત્રીના શંકાસ્પદ મૃત્યુની (લગ્ન પછી ૧૦ વર્ષમાં) તપાસ ડી.વાય.એસ.પી. દરજ્જાના અમલદાર ધ્વારા કરાવાય છે.
- શંકાસ્પદ મૃત્યુમાં પોષ્ટમોર્ટમ પેનલ ડોક્ટર ધ્વારા કરાવવું જરૂરી છે.
- શંકાસ્પદ મૃત્યુના કિસ્સામાં મહિલાનું મરણોન્મુખ નિવેદન મામલતદાર કક્ષાના અધિકારી લે છે.
- આવા બનાવોની જાણ નજીકના મહિલા કાર્યકરને કરી તેના ધ્વારા ભોગ બનનાર પાસેથી બનાવની સત્યતા શોધવામાં આવે છે.

## અપહરણ, છેડતી અને બળાત્કાર

- ૧૬ વર્ષથી નીચેની બાળાને ભગાડી જ્વાના કિસ્સાની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર દરજ્જાના અમલદાર કરે છે.
- છેડતીનો કિસ્સો કોગ્નીઝેબલ ગુન્હો છે. જે માટે ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૫૪, ૫૦૯ મુજબ ફરિયાદ આપી શકાય છે.
- બળાત્કારની ફરિયાદ ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૭૬ મુજબ આપી શકાય છે.પુરાવાના કાયદામાં છેલ્લા સુધારા મુજબ બળાત્કારના કિસ્સામાં સાબિતીનો ભાર આરોપીના શિરે હોય છે.
- કોઇ પોલીસ અધિકારી, કોઇ જાહેર સેવક, જેલ, રીમાંન્ડ હોમ, સંસ્થાના સભ્ય, હોસ્પિટલના સ્ટાફ અથવા વ્યવસ્થાપક, મહિલા સગર્ભા હોવાનું જાણવા છતાં કોઇ વ્યક્તિ, ૧૨ વર્ષથી ઓછી ઉંમરની મહીલા ઉપર કોઇ વ્યક્તિ, તથા સામુહિક વ્યક્તિઓ ધ્વારા બળાત્કાર કરવામાં આવે ત્યારે ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૭૬(૨) (એ), (બી), (સી), (ડી), (ઇ), (એફ),(જી) હેઠળ ફરિયાદ થઇ શકે છે.

## સ્ત્રી ધન

- ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૦૬ મુજબ સ્ત્રી ધન પરત મેળવવા માટે ફરિયાદ કરી શકાય છે.
- પરણિત સ્ત્રીનું ૭ વર્ષમાં અકુદરતી મૃત્યુ થાય તો તેના માતા પિતા દહેજ પ્રતિબંધક ધારા હેઠળ સ્ત્રી ધન પરત મેળવવા હકદાર છે.

## સ્ત્રી જડતી અને ધડપકડ

- સ્ત્રી જડતીની જરૂરિયાત સમયે બે કે વધુ સ્ત્રીની શાક્ષીમાં અન્ય સ્ત્રી ધ્યારા સંપૂર્ણ સભ્યતા પુર્વક જડતી લેવાની રહેશે.
- સુર્યાસ્તથી સુર્યોદય વચ્ચેના સમયમાં સ્ત્રીની ધરપક્ડ કરી શકાશે નહિ સિવાય કે ઉપરી અમલદારની પરવાનગી મળી હોય.
- સ્ત્રીની ધરપકડ મહિલા પોલીસ ધ્યારા અથવા અન્ય સ્ત્રીની હાજરીમાં કરવાની હોય છે.
- સ્ત્રી માટે અલગ લોક-અપની વ્યવસ્થા રાખવામાં આવે છે.